જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૦/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૦૪૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૮૧ કેસ કરી, ૬૭ વ્યક્તિઓને ઝડપી, ૩૩૪ લીટર દેશી દારૂ, ૧૪ બીયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ આરોપીઓને ઝડપી રૂપિયા ૨૦,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૪૭/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** ચંદ્રીકાબ્હેન અશોકભાઇ પટેલ (ઉ.વ.૫૭) (રહે. સુહાની રેસીડન્સી જલારામ પરોઠા હાઉસની ગલીમા અનુષ્ઠાન બંગ્લોઝની પાસે, સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૦/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ચંદ્રીકાબહેન્ના ઘરે મારુતી અલ્ટો જીજે-૧- કેએચ ૨૯૭૮ માં આવેલ અજાણ્યો અજાણો વ્યંઢળ (જેના નામની ખબર નથી) એ ચંદ્રીકાબહેનનેવિશ્વાસમાં લઈ સોનાના દાગીના કિમત રૂપિયા ૯૫,૦૦૦/- મત્તા લઈ પલાયન થઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુતચલાવે છે.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૪૮/૧૭**

વટવાઃ **સતિષભાઇ બાલુભાઇ રાવલ (રહે. જ્યોતીનગર જુની નારોલ કોર્ટ પાછળ નારોલ વટવા)** એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૮/૧૦/૧૭ રાતના ૮/૩૦ થી તા.૯/૧૦/૧૭ કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી નારોલ ચોકી ઈન્ચાર્જ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૯/૧૭**

**શાહપુરઃ નુરજહા તે બાદરખાન ઇતબારખાન પઠાણ (ઉ.વ.૫૫) (રહે.કામા કોમ્પ્લેક્ષની ઝાપાની અંદર છાપરામા મિરઝાપુર કોર્ઠની મિરઝાપુર શાહપુર) તા.૯/૧૦/૧૭ કલાક ૧૧/૦૦ થી ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન ત્રણ અજાણ્યા ઇસમોએ નુરજહાને શાહાપુર રાણી રુપમતી મસ્જીદ સામેથી ઇંન્કમટેક્ષ ચાર રસ્તા સુધી જબરદસ્તીથી ઓટોરીક્ષામા બેસાડી લઈ જઈ છરી બતાવી નુરજહા પાસેથી સોનાની વીંટી નંગ-૨, સોનાની બંગડી-૨, સોનાનો દોરો પેંડલ સાથે મળી કુલ કિમત રૂપિયા ૩૬,૦૦૦/- લુંટ કરી પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ નુરજહાએ શાહપુર** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે અસોડા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૦૫૦/૧૭**

**મેઘાણીનગરઃ** ઇશ્વરભાઇ બબાભાઇ પટણી (રહે. મણીલાલની ચાલીના છાપરા છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ **મેઘાણીનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૧૭ ના કલાક ૧૯/૦૦ થી કલાક ૧૯/૩૦ વાગ્યા દરમ્યાન **પોતાના ભાઈ** મનોજભાઇ મેઘાણીનગર મુરલી મનોહર સોસાયટીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગનીની ફોર વ્હીલ ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મનોજભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા મનોજભાઈનુ મૃત્યુનિપજયું હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિલિપસિહ ગંભીરસિહ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ સમાચાર યાદી નં.૨૦૫૧/૧૭

સરખેજઃ રામસ્વરૂપ કીશનલાલ કુસાર (ઉ.વ.૫૦) (રહે. સાંગાણી પ્લેટીનીયમ શ્રીનાથ રેસીડેન્સી પાસે નારોલ) તા.૨૮/૯/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે વોડાફોન હાઉસની બાજુમા ઓર્ચીડવુડ ફીલ્ડની બાજુમા મકરબા ખાતે રસોડામા કામ કરતી વખતે ગેસ બંધ કરવા જતા હતા તે વખતે પગ લપસી જતા ગેસ ઉપર પડેલ કડાઈનુ ગરમ તેલની કડાઈ પડી જવાથી દાજી જતા સારવર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૯/૧૦/૧૭ કલાક ૮/૩૦ વાગે તેમનું મૃત્યુનિપજયોં હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવીણભાઈ રતીલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** :- **સમાચાર યાદી નં.૨૦૫૨/૧૭**

રીવરફ્રન્ટ ઇસ્ટઃ મુકેશકુમાર નટવરલાલ સોલંકી (ઉ.વ.૪૩) (રહે. મોરારનગર સોસાયટી જવાહર ચોક સાબરમતી) એ આર્થિક સંક્ડામણને લીધે મનમાં લાગી આવતા તા.૯/૧૦/૧૭ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ પાસે રીવરફ્રન્ટના વોકવે ઉપર ઘાટ નં-૪ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે.

ગોમતીપુરઃ સુલતાના બાનુ ડો/ઓ હૈદરભાઇ શેખ (ઉ.વ.૨૧) (રહે. દરજીની ચાલી ઇન્ડીયા બુલ્સ સામે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૯/૧૦/૧૭ રાતના ૮/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.રાઠવા ચલાવે છે.

**રામોલઃ** વર્ષાબહેન વા/ઓ પ્રકાશભાઈ ડોડીયા (ઉવ.૪૯) (રહે.કાર્તીકેય શિવશાંતી સોસાયટી વસ્ત્રાલ રીંગરોડ પાસે રામોલ) એ બિમારીથી કંટાળી તા.૯/૧૦/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી ડી સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.